**GUJARAT BILL NO. 21 OF 2020.**

# THE GUJARAT FISHERIES (AMENDMENT) BILL, 2020.

## *A BILL*

*further to amend the Gujarat Fisheries Act, 2003.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૧.**

## ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, સન ૨૦૨૦ના જૂન મહિનાની ૨૨મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૨૦૦૩નો ગુજરાતનો ૮મો.** **૨.** ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,- **સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.**

(૧) ખંડ (ક)માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટ, કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)ના હેતુ માટે, ન્યાયનિર્ણય કરનાર અધિકારી રહેશે;";

(૨) ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ખખ)"કાલ્પનિક (notional) ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમા રેખા ઓળંગવી" એટલે ગૃહ મંત્રાલય દ્વારા તારીખ ૪થી મે, ૧૯૯૩ના રોજ

જાહેર કર્યા પ્રમાણેના, પ્રાદેશિક જળક્ષેત્રમાં આવેલા "નો ફિશિંગ ઝોન (માછીમારી પ્રતિબંધિત વિસ્તાર)"ના કોઇ વિસ્તારમાં માછીમારી વહાણ દ્વારા પ્રવેશ કરવાનું કૃત્ય;";

(૩) ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ અને તે હેઠળનો પરંતુક મૂકવો:-

"(ગ) "અમલ બજવણી અધિકારી" એટલે કલમ ૧૫ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા મત્સ્યોદ્યોગ અધિકારી અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨-ના ખંડ (ફ) હેઠળ રાજ્ય સરકાર દ્વારા જાહેર કર્યા પ્રમાણેના સમુદ્રી (મરીન) પોલીસ સ્ટેશનમાં નીમવામાં આવેલા કોઇ પોલીસ સબ-ઇન્સપેક્ટર અથવા તેનાથી ઉપરના અધિકારી: સન ૧૯૭૪નો ૨-જો.

પરંતુ સંબંધિત વિસ્તારના પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ **(SDM),** કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડ (છ)ના હેતુ માટે અમલ બજવણી અધિકારી રહેશે.".

**સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૬નો સુધારો.**

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, હાંસિયાની નોંધમાં, "માછલીના રક્ષણ માટે" એ શબ્દો પછી, "અને આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે" એ શબ્દો ઉમેરવા.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.**

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫માં,-

(૧) ખંડ (૩)માં, અંતમાં આવતો "અને" શબ્દ કમી કરવો;

(૨) ખંડ (૪)માં, "અને બીજા કિસ્સાઓમાં, પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા પોલીસ અધિકારીને" એ શબ્દો કમી કરવા;

(૩) ખંડ (૪) પછી, નીચેના ખંડો ઉમેરવા:-

"(૫) ખંડ (૧) હેઠળ કોઇ પગલું લેવા માટે વાજબી રીતે જરૂરી હોય તેવું બળ વાપરી શકશે,

(૬) અમલ બજવણી અધિકારી દ્વારા કોઇ વહાણ અથવા અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવે, ત્યારે તે (બળ) વાજબી રીતે વાપરવું જરૂરી રહેશે,

(૭) તે હેતુ માટે જાહેર કરેલા બંદર દ્વારા જપ્ત કરેલા વહાણને ગોદીની (ડોકિંગ) સુવિધા પૂરી પાડી શકશે અને ઠરાવવામાં આવે તે રીતે જપ્ત કરેલા વહાણની ગોદી (ની સુવિધા), જાળવણી અને અન્ય સંબંધિત ખર્ચ પેટે કિંમત વસૂલ કરી શકશે, અને

(૮) જપ્ત કરેલા વહાણ અથવા અન્ય વસ્તુઓ, બનતી ત્વરાએ, આ અધિનિયમ હેઠળ ગુનાની અદાલતી કાર્યવાહી કરવા માટે સક્ષમ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરી શકશે અને મેજિસ્ટ્રેટ તે અંગે પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે.".

**૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, પેટા-કલમ (૧)માં,- **સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.**

(૧) ખંડ (ક)માં, અંતમાં આવતો "અથવા" શબ્દ કમી કરવો;

(૨) ખંડ (ખ)માં, અંતમાં આવતા "આવી પરવાનગી સમાપ્ત કરતા રજિસ્ટર કરનાર અધિકારીના હુકમથી" એ શબ્દોને બદલે, "આવી પરવાનગી સમાપ્ત કરતા રજિસ્ટર કરનાર અધિકારીના હુકમથી, અથવા" એ શબ્દો મૂકવા;

(૩) ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ગ) કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડ (છ) હેઠળ, પ્રાદેશિક જળક્ષેત્રમાં પ્રવેશ કરતી વ્યક્તિ પર દંડ નાખનાર પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટના હુકમથી,".

**૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ચ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:- **સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.**

"(છ) આ અધિનિયમની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરીને, માછીમારીના હેતુ માટે અથવા બીજા કોઈ સંલગ્ન હેતુ માટે, રાજ્યના પ્રાદેશિક જળક્ષેત્રની બહારથી માછીમારી વહાણ સાથે પ્રાદેશિક જળક્ષેત્રમાં પ્રવેશ કરે તેવી કોઈ વ્યક્તિને, સંબંધિત વિસ્તારના પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ દ્વારા એક લાખ રૂપિયાના દંડની અને આવી વ્યક્તિ દ્વારા પકડવામાં આવેલી માછલીની કિંમતની પાંચ ગણી કિંમતના દંડની શિક્ષા કરવામાં આવશે.".

સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૨૩નો સુધારો.

**૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩-માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ખ), (ગ), (ઘ) અથવા (છ) હેઠળના શિક્ષાપાત્ર ગુના સિવાયના દરેક ગુનાની ન્યાયિક નોંધ લેવામાં આવશે.". સન ૧૯૭૪નો ૨-જો.

સન ૨૦૨૦નો ગુજરાત વટહુકમ ૪થો.

૮. (૧) ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વટહુકમ, ૨૦૨૦ આથી રદ કરવામાં આવે છે. રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યા હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

દરેક વ્યક્તિ જાણે જ છે તે પ્રમાણે ગુજરાત રાજ્ય ભારતમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે અને તે ભારતમાં ખૂબ વ્યૂહાત્મક સ્થાન ધરાવતું રાજ્ય છે. તેથી, ગુજરાતના દરિયાકાંઠે રાષ્ટ્રીય સરહદની સુરક્ષા કરવી અત્યંત જરૂરી છે.

ભારતમાં વ્યૂહાત્મક સ્થાન ધરાવતું ગુજરાત રાજ્ય, અનન્ય મુદ્દા ધરાવે છે, જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. ગુજરાતના દરિયાકાંઠે માછીમારીની કામગીરી કરનારા માછીમારોની સલામતી અને સુખાકારી પણ જળવાય તે પણ જરૂરી છે. તેથી, કોઈપણ અનૈતિક વ્યક્તિઓ, યોગ્ય રીતે રજિસ્ટર થયા વગર ગુજરાત રાજ્યના પ્રાદેશિક જળક્ષેત્રમાં પ્રવેશ કરે નહિ અથવા તેમાંથી પસાર થાય નહિ એ જોવું જરૂરી છે. આ હેતુ માટે, માછીમારી વહાણો, માછીમારીની પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યા હોય ત્યારે તેમના વહાણો તેમજ તેમની ઓળખની ચકાસણી કરવી પણ જરૂરી છે, જેથી કરીને, માછીમારીની આડ-માં કોઈપણ અસામાજિક અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ ન થાય.

ગુજરાત રાજ્યના અંતર્દેશીય અને પ્રાદેશિક જળક્ષેત્રમાં મત્સ્યોદ્યોગના રક્ષણ, સંરક્ષણ, વિકાસ અને નિયમન કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ અધિનિયમિત કરવામાં આવ્યો છે અને તે હેઠળ ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩ કરવામાં આવ્યા છે. પોલીસને, મત્સ્યોદ્યોગ અધિકારીઓ અને તટરક્ષકો સાથે સહકારથી કામ કરવાની સત્તા આપીને, માછીમારી વહાણો અને માછીમારી પ્રવૃત્તિઓનું નિયમન અને દેખરેખ કરવા માટેના વ્યવસ્થા-તંત્રની જોગવાઈ કરવા માટે સદરહુ અધિનિયમની જોગવાઈઓ અને નિયમોમાં સુધારો કરવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી પ્રવૃત્તિઓની આડ હેઠળ કોઈપણ વ્યક્તિ, રાજ્યની સુરક્ષાને જોખમમાં મૂકે નહિ. તેથી, સદરહુ અધિનિયમની અમુક જોગવાઇઓ સુધારવા ધાર્યું છે.

તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વટહુકમ, ૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**જવાહર ચાવડા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરે છે:-

**કલમ ૪.-** આ કલમથી દાખલ કરવા ધારેલા કલમ ૧૫ના નવા ખંડ (૭)થી, રાજ્ય સરકારને, અમલબજવણી અધિકારી, જે રીતે તે હેતુ માટે જાહેર કરેલા બંદર દ્વારા જપ્ત કરેલા વહાણને ગોદીની (ડોકિંગ) સુવિધા પૂરી પાડી શકશે અને જપ્ત કરેલા વહાણની ગોદી (ની સુવિધા), જાળવણી અને અન્ય સંબંધિત ખર્ચ પેટે કિંમત વસૂલ કરી શકશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦. **જવાહર ચાવડા.**

## પુરવણી

## ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩-ના ગુજરાતના ૮-મા)માંથી ઊતારા.

---------------------------------------------------------------------------------------------------------

**વ્યાખ્યા.** ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "ન્યાયનિર્ણય કરનાર અધિકારી" એટલે કલમ ૧૭ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા નાયબ મત્સ્યોદ્યોગ નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા મત્સ્યોદ્યોગ અધિકારી;

(ખ) "જૈવિક નમૂનો" એટલે કોઈ જીવંત અથવા મૃત સજીવ;

(ગ) "અમલ બજવણી અધિકારી" એટલે કલમ ૧૫ના હેતુ માટે રાજ્ય સરકાર નીમે તેવા મત્સ્યોદ્યોગ અધિકારી;

(ઘ) થી (પ) xxx xxx xxx

**માછલીના રક્ષણ માટે નિયમો કરવાની સત્તા.** ૬.(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, ખાનગી જળક્ષેત્ર સિવાયના કોઇ જળક્ષેત્ર માટે, નીચેની તમામ અથવા કોઇપણ બાબત માટે નિયમો કરી શકશે:-

(ક) (૧) માછીમારી ઉપકરણ (ફિશીંગ ગીયર) ઉભા કરવા અથવા વાપરવા પર,

(૨) આડબંધ, ડેમ અને બંધના બાંધકામ પર,

(૩) અંતર્દેશીય જળક્ષેત્રમાં માછલીની જાતો અથવા માછલીના ખોરાક માટે હાનિકારક હોય તેવું કોઇ ઔદ્યોગિક કચરાવાળું પાણી અથવા ગંદુ પાણી છોડવા પર, પ્રતિબંધ મૂકવા અથવા તેનું નિયમન કરવા બાબત;

(ખ) વાપરવાની જાળના પરિમાણ અને પ્રકારનું અને તેના ઉપયોગની રીતનું નિયમન કરવા બાબત;

(ગ) નિર્દિષ્ટ જળક્ષેત્રોમાં, બે વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત માટે તમામ પ્રકારની માછીમારી પર પ્રતિબંધ મૂકવા બાબત;

(ઘ) કોઇપણ જળક્ષેત્રમાં, કોઇપણ માછલી પકડવાના અથવા તેનો નાશ કરવાના ઇરાદાથી કોઇ બંદૂક, ભાલા, તીર અથવા તેના જેવી વસ્તુના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા બાબત;

(ચ) પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય, માછલીની જાતો માટે હાનિકારક હોય તેવી કોઇપણ જાતની માછલી મૂકવા પર પ્રતિબંધ મૂકવા બાબત;

(છ) અંતર્દેશીય જળક્ષેત્રોમાં મત્સ્યોદ્યોગનું નિયમન કરવા બાબત;

(જ) જાહેર જળક્ષેત્ર સંસાધનને નિર્દિષ્ટ મુદત માટે પટે આપવા અને એવી રીતે પટે આપવા માટેની ફી લેવા બાબત;

(ઝ) માછલીના ઇંડા, ફ્રાઇ, ફીંગરલીંગ અને યારલીંગના વેચાણના ધોરણોનું નિયમન કરવા બાબત;

(ટ) મૌસમ ન હોય તે દરમિયાન માછીમારી અને માછલીના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવા બાબત.

**સ્પષ્ટીકરણ** :- આ ખંડના હેતુ માટે, “મૌસમ ન હોવી" એટલે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવી મુદત.

(૨) આ કલમ હેઠળ નિયમો કરતી વખતે, રાજ્ય સરકાર નીચેના માટે જોગવાઇ કરી શકશે:-

(૧) નિયમોનું ઉલ્લંઘન કરીને બાંધેલ અથવા વાપરેલ માછીમારી ઉપકરણ કબજે લેવા, સરકાર દાખલ કરવા અને દૂર કરવા માટે;

(૨) આવા કોઇપણ માછીમારી ઉપકરણના સાધન દ્વારા પકડેલ કોઇપણ માછલી સરકાર દાખલ કરવા માટે; અને

(૩) પેટા- કલમ (૧)ના ખંડ (ટ)માં નિર્દિષ્ટ કરેલ મુદત દરમિયાન પકડેલ અથવા વેચેલ માછલી સરકાર દાખલ કરવા માટે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી, કોઇપણ ખાનગી જળક્ષેત્રને, તેના માલિકની અને તત્સમયે તેમાં માછીમારીનો સુવાંગ હક ધરાવતી તમામ વ્યકિતઓની લેખિત સંમતિથી, આવા નિયમો અથવા તે પૈકીનો કોઇપણ નિયમ લાગુ પાડી શકશે.

**અમલ બજવણી અધિકારીની સત્તા.**

**૧૫.** અમલબજવણી અધિકારીને એમ માનવાને કારણ હોય કે કોઈપણ માછીમારી વહાણનો, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ અથવા હુકમ અથવા તે હેઠળ બહાર પાડેલ કોઈ જાહેરનામાની કોઈપણ જોગવાઈ અથવા કલમ ૧૦ હેઠળ કાઢી આપેલ લાઈસન્સની કોઈપણ શરતનું ઉલ્લંઘન કરીને, ઉપયોગ થઈ રહ્યો છે અથવા ઉપયોગ કરવામાં આવેલ છે તો, તે-

(૧) અને (૨) xxx xxx xxx

(૩) એવી રીતે કબજે લીધેલ માછલીનો ઠરાવવામાં આવે તેવી રીતે નિકાલ કરી શકશે અને તેની ઊપજ જમા કરાવી શકશે,

(૪) કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ખ), (ગ), (ઘ) અથવા (ચ) હેઠળ ગુનો શિક્ષાપાત્ર હોય તો, કોર્ટને અને બીજા કિસ્સાઓમાં, પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા પોલીસ અધિકારીને ઉલ્લંઘનનો રિપોર્ટ કરી શકશે.

**અપીલ.**

**૧૭.** (૧) (ક) કલમ ૧૦ હેઠળ માછીમારી વહાણ માટે લાઈસન્સ આપવાની ના પાડતાં અથવા કલમ ૧૧ હેઠળ,માછીમારી વહાણ માટે આપેલ લાઈસન્સને મોકૂફ રાખતાં, રદ કરતાં, ફેરફાર કરતાં અથવા સુધારતાં લાઈસન્સ આપનાર અધિકારીના; અથવા

(ખ) કલમ ૧૨ હેઠળ વહાણનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવાની ના પાડતાં અથવા વહાણની નોંધણી રદ કરતાં અથવા કલમ ૧૩ હેઠળ બીજા કોઈ બંદરેથી અથવા મત્સ્યોદ્યોગ બારાથી વહાણનું સંચાલન કરવાની પરવાનગી આપવાની ના પાડતાં અથવા આવી પરવાનગી સમાપ્ત કરતા રજિસ્ટર કરનાર અધિકારીના હુકમથી

નારાજ થયેલી કોઈપણ વ્યક્તિ તેને જે તારીખે હુકમની જાણ કરવામાં આવી હોય તે તારીખથી ત્રીસ દિવસની અંદર ન્યાયનિર્ણય કરનાર અધિકારીને અપીલ કરી શકશેઃ

પરંતુ ન્યાયનિર્ણય કરનાર અધિકારી, ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી પણ અપીલ દાખલ કરી શકશે. પરંતુ અપીલ કરનારે, ન્યાયનિર્ણય કરનાર અધિકારીને એવી ખાતરી કરાવવી જોઈશે કે એવી મુદતની અંદર અપીલ ન કરવા માટે તેને પૂરતું કારણ હતું.

(૨) xxx xxx xxx

ગુના અને શિક્ષા.

**૨૧.** (૧) (ક) જે કોઈ વ્યક્તિ, કલમો ૩, ૪ અથવા ૫ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને ગુનો  સાબિત થયે, છ મહિના સુધીની કેદની અથવા દસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

(ખ) જે કોઈ વ્યક્તિ, કલમ ૮નું ઉલ્લંઘન કરીને માછીમારી માટે માછીમારી વહાણનો ઉપયોગ કરે તેને ગુનો સાબિત થયે, પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષા કરવામાં આવશે.

(ગ) જે કોઈ વ્યક્તિ, કલમ ૯નું ઉલ્લંઘન કરીને કોઈ નિર્દિષ્ટ વિસ્તારમાં માછીમારી માટે લાઈસન્સ ધરાવતી ન હોય તેવા માછીમારી વહાણનો ઉપયોગ કરે તેને પચાસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષા કરવામાં આવશે.

(ઘ) જે કોઈ વ્યક્તિ, કલમ ૧૩ની પેટા-કલમ (૧) નું ઉલ્લંઘન કરીને રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના કોઈ બંદર અથવા મત્સ્યોદ્યોગ બારામાંથી તેનું વહાણ ચલાવે તેને ગુનો સાબિત થયે, વીસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષા કરવામાં આવશે.

(ચ) જે કોઈપણ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ કરેલ નિયમો અથવા હુકમની કોઈપણ જોગવાઈનો ભંગ કરે તે દસ હજાર રૂપિયા સુધીના દંડની અને ભંગ ચાલુ રહે, ત્યારે આવો ભંગ ચાલુ રહે તે મુદત દરમિયાન રોજના એકસો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

(૨) xxx xxx xxx

ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.

**૨૩.** **(૧)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ અથવા કલમ ૬ હેઠળ કરેલા કોઈપણ નિયમો હેઠળ શિક્ષાને પાત્ર ગુનાની ન્યાયિક નોંધ લેવામાં આવશે. સન ૧૯૭૪નો ૨ જો.

(૨) xxx xxx xxx

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**-સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક ·૨૧–**

ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨003 વધુ સુધારવા બાબત વિધેયક.

**[ શ્રી જવાહર ચાવડા,**

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

**THE GUJARAT FISHERIES (AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 21 OF 2020.**

***A BILL***

*further to amend the Gujarat Fisheries Act, 2003.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Fisheries (Amendment) Act, 2020. **Short title and commencement.**

(2) It shall be deemed to have come into force on the 22nd June, 2020.

**Amendment of section 2 of Guj. 8 of 2003.**

**2.** In the Gujarat Fisheries Act, 2003 (hereinafter referred to as "the principal Act"), in section 2, - **Guj. 8 of 2003.**

(i) to clause (a), the following proviso shall be added, namely:-

"Provided that the District Magistrate shall be the Adjudicating Officer for the purpose of clause (c) of sub-section (1) of section 17;";

(ii) after clause (b), the following clause shall be inserted, namely:-

"(bb) "crossing of notional Indo-Pak International Maritime Boundary Line" means an act of fishing vessel entering any area in the "No Fishing Zone" as notified by the Ministry of Home Affairs on 4th May, 1993 which is situated within the territorial waters;";

(iii) for clause (c), the following clause and the proviso thereunder shall be substituted, namely:-

"(c) "Enforcement Officer" means such fishery officer or any Police Sub-Inspector or above, posted in the Marine Police Station as notified by the State Government under clause (s) of section 2 of the Code of Criminal Procedure, 1973 as the State Government may appoint for the purpose of section 15: **2 of 1974.**

Provided that the Sub-Divisional Magistrate of the concerned area shall be the Enforcement Officer for the purpose of clause (f) of sub-section (1) of section 21.".

**Amendment of section 6 of Guj. 8 of 2003.**

**3.** In the principal Act, in section 6, in the marginal note, after the words "to protect fish", the words "and to ensure internal security" shall be added.

**Amendment of section 15 of Guj. 8 of 2003.**

**4.** In the principal Act, in section 15, -

(i) in clause (iii), the word "and" appearing at the end shall be deleted;

(ii) in clause (iv), the words "and in other cases, to the Police officer in charge of a police station" shall be deleted;

(iii) after clause (iv), the following clauses shall be added, namely:-

“(v) use such force for taking any action under clause (i) as may reasonably be necessary,

(vi) where any vessel or other things are seized by the Enforcement Officer, the same may reasonably be necessary,

(vii) provide to the seized vessel, the docking facility by the port notified for the purpose and charges towards docking, maintenance and other related costs of the seized vessel in the manner as may be prescribed, and

(viii) produce the seized vessel or other things before a magistrate competent to try an offence under this Act as soon as possible and the magistrate may make such order therefor as he may deem fit.”.

**5.** In the principal Act, in section 17, in sub-section (1),- **Amendment of section 17 of Guj. 8 of 2003.**

(1) in clause (a), the word “or” appearing at the end shall be deleted;

(2) in clause (b), for the words “such permission” appearing at the end, the words “such permission, or” shall be substituted;

(3) after clause (b), the following clause shall be inserted, namely:-

“(c) the Sub-Divisional Magistrate under clause (f) of sub-section (1) of section 21 imposing fine on the person entering the territorial water,”.

**6.** In the principal Act, in section 21, in sub-section (1), after clause (e), the following clause shall be added, namely:- **Amendment of section 21 of Guj. 8 of 2003.**

“(f) Whoever enters the territorial waters with the fishing vessel from outside the territorial waters of the State for the purpose of fishing or for any other allied purpose in contravention of any provision of this Act shall be punishable by the Sub-Divisional Magistrate of the concerned area

with fine of rupees one lakh and five times the value of the fish captured by such person.”.

**Amendment of section 23 of Guj. 8 of 2003.**

**7.** In the principal Act, in section 23, for sub-section (1), the following sub-section shall be substituted, namely:-

“(1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, every offence other than the offence punishable under clause (b), (c), (d) or (f) of sub-section (1) of section 21 shall be cognizable.”. **2 of 1974.**

**Repeal and saving.**

**8.** (1) The Gujarat Fisheries (Amendment) Ordinance, 2020 is hereby repealed. **Guj. Ord. 4 of 2020.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

As everybody is aware, Gujarat State has the longest coastline in India and is a State having very strategic location in India. It is therefore, utmost necessity to guard the national boundary across the Gujarat Coast.

The State of Gujarat being strategically located in India has unique issues that require urgent attention. It is also necessary that the safety and well-being of the fishermen doing fishing operations along the Gujarat Coast should also be maintained. It is therefore, necessary to see that no unscrupulous persons enter or pass through the territorial waters of Gujarat State without proper registration. For the purpose, it is also necessary to check the fishing vessels as also their identity while they are undertaking fishing activities so that no anti-social or anti-national activities take place under the garb of fishing.

The Gujarat Fisheries Act, 2003 has been enacted and the Gujarat Fisheries Rules, 2003 have been made thereunder to provide for protection, conservation, development and regulation of fisheries in inland and territorial waters of the State of Gujarat and for matters connected therewith or incidental thereto. It is found necessary to amend the provisions of the said Act and the rules to provide for a mechanism to regulate and monitor the fishing vessels and the fishing activities by empowering the police to work in cooperation with the fisheries officers and the coast guards so that the security of the State is not jeopardized by anybody under the garb of the fishing activities in the territorial waters. Certain provisions of the said Act are therefore, amended.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Gujarat Fisheries (Amendment) Ordinance, 2020 was promulgated to achieve the aforesaid objects.

This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

**JAWAHAR CHAVDA,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respect:--

***Clause 4.---*** New clause (vii) in section 15 proposed to be inserted by this clause empowers the State Government to prescribe by rules, the manner in which the Enforcement Officer may provide to the seized vessel, the docking facility by the port notified for the purpose and charges towards docking, maintenance and other related costs of the seized vessel.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 16th September, 2020. **JAWAHAR CHAVDA.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT FISHERIES ACT, 2003.**

**(Guj. 8 of 2003)**

**2.** In this Act, unless the context otherwise requires,- **Definitions.**

(a) "Adjudicating Officer" means such fishery officer not below the rank of Deputy Director of Fisheries, as the State Government may appoint for the purpose of section 17;

(b) "biological specimen" means any living or dead organisms;

(c) "Enforcement Officer" means such fishery officer as the State Government may appoint for the purpose of section 15;

(d) to (r) XXX XXX XXX

**6.** (1) The State Government may, by notification in the *Official Gazette*, make rules for any water other than private waters for all or any of the following matters, namely:- **Power to make rules to protect fish.**

(a) Prohibiting or regulating :-

(i) the erection or use of fishing gear,

(ii) the construction of weirs, dam and bunds,

(iii) the release of any industrial waste sewage or effluent to the inland waters which may harmful to species of fish or the food of fish.

(b) regulating the dimension and the kind of nets to be used and the mode of using them;

(c) prohibiting all fishing in the specified waters for a period not exceeding two years;

(d) prohibiting the use of any gun, spear, arrow or the like in any water, with intent thereby to take or destroy any of the fish therein;

(e) prohibiting introduction of any kind of fish which may be harmful to species of fish, without obtaining prior permission;

(f) regulating any fishery in inland waters;

(g) to lease out public water resource for a specified period and to charge fees for such lease;

(h) regulating the standard of sale of fish spawn, fry, fingerling and yearling;

(i) prohibiting the fishing and marketing of the fish during closed season.

***Explanation.-*** For the purpose of this clause, the 'closed season' means such period as the State Government may, by notification in the *Official Gazette*, specify.

(2) In making rules under this section, the State Government may provide for-

(i) the seizure, forfeiture and removal of fishing gear erected or used in contravention of the rules,

(ii) the forfeiture of any fish taken by means of any such fishing gear, and

(iii) the forfeiture of fish taken or sold during the period specified in clause (i) of sub-section (1).

(3) The State Government may, by notification in the *Official Gazette*, apply such rules or any of them to any private water with the consent, in writing, of the owner thereof and of all persons having for the time being any exclusive right of fishery therein.

**Powers of Enforcement Officer.**

**15.** If the Enforcement Officer has reasons to believe that any fishing vessel is being or has been used in contravention of any of the provisions of this

Act, or of any rule or order made or any notification issued thereunder or of any condition of the license issued under section 10, then he may-

(i) and (ii) XXX XXX XXX

(iii) dispose of the fish so seized and deposit the proceeds there of in such manner as may be prescribed, and

(iv) make a report of the contravention to the Court if the offence is punishable under clauses (b), (c), (d) or (e) of sub-section (1) of section 21 and in other cases, to the Police officer in charge of a police station.

**17.** (1) Any person aggrieved by the order of- **Appeal.**

(a) the Licensing Officer under section 10 refusing to grant a licence for a fishing vessel or under section 11 suspending, canceling, varying or amending a licence granted for a fishing vessel, or

(b) the Registering Officer under section 12 refusing to grant the registration of vessel or canceling the registration of vessel or under section 13 refusing permission to operate vessel at other port or fishing harbour or terminating such permission.

may, within thirty days from the date on which the order is communicated to him, prefer an appeal to the Adjudicating Officer:

Provided that the Adjudicating Officer may entertain an appeal after the expiry of the period of thirty days, if the appellant satisfies the Adjudicating Officer that he had sufficient cause for not preferring an appeal within such period.

(2) XXX XXX XXX

**21.** (1) (a) Whoever contravenes the provisions of section 3 , 4 or 5 shall, on conviction, be punished with imprisonment for a term which may extend to six months or with fine not exceeding ten thousand rupees or with both. **Offences and penalties.**

(b) Whoever use any fishing vessel for fishing in contravention of section 8 shall, on conviction, be punished with fine not exceeding fifty thousand rupees.

(c) Whoever use any fishing vessel which is not licensed for fishing in any specified area in contravention of section 9 shall, on conviction, be punished with fine not exceeding fifty thousand rupees.

(d) Whoever operate his fishing vessel from any port or fishery harbour other than that specified in the certificate of registration in contravention of sub-section (1) of section 13 shall, on conviction, be punished with fine not exceeding twenty thousand rupees.

(e) Any person who commits a breach of any of the provisions of the rules or the order made under this Act shall be punishable with fine which may extend to ten thousand rupees and when breach is continuing one, with a daily fine not exceeding one hundred rupees during the period of continuance of such breach.

(2) XXX XXX XXX

**Cognisance of offences.**

**23.** (1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, the offence punishable under clause (a) of sub-section (1) of section 21 or under any rule made under section 6 shall be cognisable. **2 of 1974.**

(2) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 21 OF 2020.**

***A BILL***

*further to amend the Gujarat Fisheries Act, 2003.*

**[ SHRI JAWAHAR CHAVDA,
MINISTER FOR FISHERIES ]**

**( As published in the Gujarat Government Gazette of 16th September, 2020)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.